# પરિપત્ર

સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી અમદાવાદ જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક વીશા શ્રીમાળી શ્રાવક જ્ઞાતિની સાધારણ સભા સં.**2076**ના પોષ સુદી-દશમને રવિવાર તા.**05-01-2020**ના રોજ સવારના **12-00** કલાકે ભાઈકાકા ભવન, લૉગાર્ડન, એલિસબ્રીજ, અમદાવાદ-**380006** ખાતે નીચેના કાર્યો સારૂ મળશે. સર્વે લાણાદાર સભ્ય ભાઈ-બહેનોને આ સભામાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

કાર્યવાહીનો એજન્ડા નીચે મુજબ છે.

## એજન્ડા

(૧) જ્ઞાતિની કુળદેવી મહાલક્ષ્મી માતાની સ્તુતિ.

(૨) **2018-19**ના વર્ષ દરમ્યાન દેહાવસાન પામેલ જ્ઞાતિજનોને શ્રધ્ધા-સુમન અર્પણ કરવા સારૂં.

(૩) તા.**14-10-2018**ના રોજ મળેલ સાધારણ સભાની મિનીટ્સનું વાંચન તથા તેને બહાલી આપવા સારૂં.

(૪) વ્યવસ્થાપક કમિટીએ વર્ષ **2018-19**ના ઓડીટરે ઓડીટ કરેલા હિસાબો જ્ઞાતિ તથા ધર્માદા ટ્રસ્ટના ઉપજ-ખર્ચના હિસાબો તથા તારીખ **31-03-2019**ના રોજનું સરવૈયું મંજુર કરેલ છે. તેને ગ્રાહ્ય રાખવા સારૂ.

(૫) વર્ષ **2019-20**ના વર્ષ માટે વ્યવસ્થાપક સમિતિએ શ્રી હેમંત એન.શાહની ઓડીટરની નિમણુંક તથા ઈન્ટરનલ ઓડીટર્સ તરીકે શ્રી સત્યમભાઈ ત્રિવેદીની નિમણુંકની બહાલી આપવા સારૂ તથા તેઓના મહેનતાણા નક્કી કરવા સારૂં.

(૬) શેઠશ્રી તથા પ્રમુખશ્રીની મંજુરીથી માનદ્‌મંત્રીશ્રી જે કાંઈ કાર્યો રજૂ કરે તે બાબતે ચર્ચા વિચારણા કરવા સારૂં.

નોંધ :

(૧) બંધારણની કલમ-**59** અનુસાર મિટીંગમાં કોરમ પૂરતી હાજરી નહીં થાય તો અડધા કલાક પછી નોન-કોરમ મિટીંગ જાહેર કરી કામકાજ હાથ ધરવામાં આવશે.

(૨) ઓડીટેડ એકાઉન્ટસ તથા સરવૈયા જ્ઞાતિની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. તેના ઉપરથી પણ લાણાદાર સભ્ય ભાઈ-બહેનો જોઈ શકાશે તથા પ્રિન્ટ આઉટ લઈ શકાશે.

(૩) તા.**28-12-2019**ને સવારના **11-00** થી બપોરના **3-00** કલાક સુધીમાં ઈન્ટરનલ ઓડીટર **2018-19** ના વર્ષના એકાઉન્ટસ અંગેની કોઈ માહિતી જોઈતી હશે તો આપશે. જે આપે અગાઉથી તારીખ **24-12-2019** સુધીમાં લેખિતમાં આપવાની રહેશે. તા.**24-12-2019** સુધીમાં આવેલ માહિતના જવાબો જ તા.**28-12-2019** ના રોજ આપવામાં આવશે.

(૪) કાર્યક્રમની સમાપ્તિ બાદ ફુડ પેકેટનો લાભ આપવા વિનંતી.

શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ
માનદ્‌મંત્રીશ્રી

શ્રી ચંદ્રપ્રકાશ રસીકલાલ શાહ
સહમાનદ્‌મંત્રીશ્રી

અમદાવાદ

તા.**12-12-2019**